સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

બાફેલ સોદાનું ફાટ્યું કૂકર રાફેલ ઉડી ગયાં,
સામેલ કર્યાં અંબાણીને એમાં ગાફેલ રહી ગયા!
હાંફેલ છે કારકિર્દી હવે, એમાં આવ્યો છે ચઢાવ -
બંધાય બે પગે કાગડો ડાહ્યો, કાબેલ કહી ગયા...

ફાટ્યું ટાયર,
અંબાણી એરપોર્ટે -
નિકળી હવા...
(રાફેલ હેલીકોપ્ટર)

નોટબંધી ને
જીએસટી પગલે -
જેટલી જુદે...
(પક્ષ ડૂબાડશે?)

ચિંતન

ન વિના પરવા દે ન રમતે દુર્જનો જનઃ ।
કાકઃ સર્વરસાન્ભુડંકતે વિનાડમેધ્યં તૃપ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક વ્યાસ વાક્યમાંથી લેવામાં આવેલ છે.

દુર્જનોને બીજાની નિંદા કર્યા વિના સંતોષ થતો નથી. કાગડો બધા પ્રકારના રસ ખાય છે, છતાં વિષ્ટા જેવી અપવિત્ર વસ્તુ ખાધા સિવાય તેને સંતોષ થતો નથી.

અનેક લોકો વિવિધ પ્રકારની ભક્તિ કરે છે, પરંતુ તેમનાં દુઃખો યથાવત રહે છે, ત્યારે એ લોકો ભક્તિ ફલદાયી નથી એવું કહે છે. વાસ્તવમાં પુણ્યો વધવાથી અને પાપો ઘટવાથી જ સુખ આવે છે. મનુષ્ય ગમે તેટલી વિધિથી ઉપાસના કરે, પરંતુ તે ઉપાસનાનું રોજેરોજનું પુણ્ય ત્રણ વસ્તુથી નાશ પામે છે. નિંદા, અસત્ય અને ક્રોધ.

જો અનિંદા : સત્ય અને ક્રોધ એ ત્રણની જ ઉપાસના વર્તનમાં રહેલો. ભક્તિનાં ફળ આપોઆપ મળશે જ, જરા પ્રયત્ન તો કરી જોજો. મનુષ્ય ઉપવાસને દિવસે કે પર્વને દિવસે ઉત્સવ ઉજવે છે, પણ પેલાં ત્રણને અવગણીને. તો પછી જે ખલની નિંદા કરીએ છીએ એ ખલ આપણી અંદર જ બેઠો છે. પોતાના અંતઃકરણને જરા તપાસો. તમારા દોષો શોધો, તે દોષોના નિવારણ માટે તેના વિરોધી સદ્‌ગુણ અપનાવો. આમ કરવાથી પ્રગતિ થશે.

સુવિચાર

- જબ તક હમ કિસી કે હમ દર્દ નહીં બન જાતે,
  તબ તક દર્દ હમસે ઔર હમ દર્દ સે જુદા નહીં હો જાતે - **અકબર જોધપુરી**
- કરું બંદગી હું, કે શાંતિ જગતમાં સરેઆમ આવે,
  બને ધર્મ એવો કે જેમાં ના હિંદુ ના ઈસ્લામ આવે - **રીનલ પટેલ**
- માણસની સમજ માત્ર આટલી છે કે, જાનવર કહો તો ગુસ્સે થઈ જાય અને
  સિંહ કહો તો ખુશ થઈ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા બધા પાસે 'ચોઈસ' કરવાની 'ફ્રીડમ છે,
  પણ 'ચોઈસ' કર્યા પછી 'ફ્રીડમ નથી' - **કાજલ ઓઝા વૈદ્ય**
- સારું થયું ઈશ્વર તેં મુસીબત મોકલી ભરમ બધો તુટી ગયો કે અંગત ઘણા છે - **અદમ ટંકારવી**
- કરતો હશે ઈશ્વર પણ એ જ ફરિયાદ..... કે મતલબ નીકળી ગયા પછી ફરી યાદ
  કરનાર મળતો નથી - **ઈશીતા**
- આજનું ઔષધ : બટેટાના રસમાં ઈંડાની સફેદી મેળવી ચહેરા પર લગાવી ૩૦ મિનિટ પછી ચહેરો ધોઈ નાખવાથી રીંકલથી બચી શકાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરીકન જનરલ રોબર્ટ લી. ને રાષ્ટ્રપતિ જેફરસનને રૂબરૂ મળવા બોલાવ્યા અને તેમના હાથ નીચે આ એક કર્નલ વિકટર કલાર્ક માટે અભિપ્રાય માંગ્યો. જન. રોબર્ટે કહ્યું, 'સર, વિકટર કલાર્ક એક બુદ્ધિશાળી અને જવાબદાર કર્નલ છે. અને તેઓને સોંપાયેલા દરેક કાર્ય તેઓ સંપૂર્ણ નિષ્ઠાથી કરે છે.' રાષ્ટ્રપતિ જેફરસને જનરલ રોબર્ટનો આભાર માન્યો અને મનોમન વિકટર કલાર્કની પદઉન્નતિની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા. આ મુલાકાત વખતે રોબર્ટ લી સાથે એકબીજા લશ્કરી વડા પણ હતા તેમને જનરલ રોબર્ટને કહ્યું, 'મને એકવાત હજી સમજાતી નથી કે તમે તો કર્નલના વિરોધી છો તેમ છતાં તમે વિકટર કલાર્કના વખાણ કેમ કર્યાં?' રોબર્ટે કહ્યું,'મેં રાષ્ટ્રપતિને સાચા જ જવાબ આપ્યા છે. કર્નલ કલાર્ક ખરેખર નિષ્ઠાવાન અને પ્રમોશનને યોગ્ય છે. જે જેવું હોય તેના વિશે સાચું તો કહેવું જ જોઈએ ને !!' આ સાંભળી અધિકારી એ ફરી કહ્યું, 'પણ આપતો સારી રીતે જાણો છો કે કર્નલ કલાર્ક તમારા વિશે બહુ ખરાબ બોલો છે. અને તમારા કરતાં તેઓ ઘણા જુનિયર હોવા છતાં તમારો વિરોધ કરે છે.' જનરલ રોબર્ટે કહ્યું, 'તો શું થયું રાષ્ટ્રપતિ એ વિકટર કલાર્ક વિશે મારા વિચાર પૂછ્યા હતા. મારા વિશે કલાર્ક શું વિચારે છે તેમ નહોતા પૂછ્તા.' આ વાત થોડાક દિવસો બાદ કર્નલ કલાર્કને કાને પહોંચી અને તેમના રોબર્ટ લી માટેના શત્રુતના ભાવ શમી ગયા. દ્વેષ સામે દ્વેષ રાખવાને બદલે સહાનુભૂતિ રાખવી એ જ સાચી માનવતા છે

સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા આવકારીએ

તંત્રીસ્થાનેથી...

છેલ્લા કેટલાક વખતથી સુપ્રીમ કોર્ટે એક પછી એક શકવર્તી ચુકાદા આપી રહી છે. વર્ષોથી પેન્ડિંગ કેસોના સામટા આવી રહેલા આવા ક્રાંતિકારી ચુકાદાઓથી અદાલત જામે રંગમાં આવી ગઈ હોય અને પ્રો - એક્ટિવ બની સંસદ તથા કારોબારી જેવા અન્ય મહત્ત્વના સ્તંભોને ઓવરટેક કરી રહી હોય એવું વાતાવરણ સરજાયું છે. જો કે સુપ્રીમ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિઓ જાણે એછે કે દેશમાં લોકશાહી છે અને છેલ્લી સત્તા તો ચૂંટાયેલી સંસદ જ ભોગવી શકે. એટલે બંધારણને અનુરુપ ચુકાદા આપવામાં જરા પણ પાછી પાની નહીં કરતી સુપ્રીમ એની લક્ષ્મણરેખા ઓળંગતી નથી. ધારાસભા અને સંસદમાં અપરાધી તત્ત્વોના પ્રવેશ સામે એ લાલબત્તી જરૂર ધરે છે પણ આદેશ નથી આપતી. એ માટે સંસદના કાયદો ઘડવાનું સૂચન કરીને અટકી જાય છે પરંતુ જયાં નાગરિકના મૂળભૂત અધિકારોનું હનન થતું વરતાય છે એ એની ગરિમા અને આત્મસન્માનને ઠેસ પહોંચતી લાગે છે ત્યાં સુપ્રીમ કોર્ટે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં આકરા ચુકાદા આપી રૂઢિચુસ્ત સમાજને એક પછી એક આંચકા આપી રહી છે. એણે સમલૈંગિક સંબંધોને માન્યતા આપીને થોડા વખત પહેલાં આવો આંચકો આપ્યા પછી ઈંડિયન પીનલ કોડની કલમ ૪૯૭ રદ કરતા ચુકાદો આપી વધુ એક ઝટકો આપ્યો હતો. કલમ ૪૯૭ મુજબ પરિણિત સ્ત્રી અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધ રાખે તો એનો અધિકૃત પતિ પેલા વ્યાભિચારી પુરુષ વિરુદ્ધ કેસ કરી શકતો હતો અને એ ગુના બદલ તે પરપુરુષને જેલની સજા ઉપરાંત દંડની જોગવાઈ હતી. આ કલમ મુજબ પરપુરુષ સાથે સ્વેચ્છાએ સંબંધ બાંધનાર પરિણિત સ્ત્રીને અપરાધી નહોતી ગણાતી. અહીં સ્ત્રી જાણે પુરુષની માલિકીની જણસ હોય એમ એનો અન્ય કોઈ પુરુષ ઉપભોગ કરે તો એ ગુનો બનતો હતો. સુપ્રીમ કોર્ટે એકી ઝાટકે ૪૯૭ કલમ આ જ મુદ્દા પર રદ કરી અને વ્યભિચારને ગુનો ગણવાનું બંધ થઈ ગયું! આથી અલબત્ત ચારિત્ર્યવાન સમાજ વ્યવસ્થામાં શ્રદ્ધા રાખનારાઓને પીડા જરૂર પહોંચી હશે, પણ મુદ્દો સ્ત્રીને પતિની માલિકીની ચીજ ગણવાથી સમાનતાનો મૂળભૂત અધિકાર તેમજ પરસ્પરની સમજૂતીપૂર્વક ઈચ્છા મુજબનો આનંદ પ્રાપ્ત કરવાનો સ્ત્રીપુરુષનો અધિકાર ખોડંગાતો હતો, તે દૂર થતાં આપણે મોડા મોડા યુરોપ-અમેરિકા જેવી મુક્ત સમાજ વ્યવસ્થામાં ભળી ગયા છીએ. હવે 'વ્યભિચાર'ને સામાજિક સ્વીકૃતિ ભલે ન મળે પણ બે 'મળેલા જીવ' એકમેકની સાથે ઓતપ્રોત થતા રહે તો એમના પર કેસ નહીં થઈ શકે! અદાલતના આ ક્રાંતિકારી નિર્ણયથી પ્રસ્થાપિત લગ્નવ્યવસ્થા કે લગ્ન સંસ્થાને જરૂર આઘાત પહોંચશે. કેન્દ્ર સરકારે પણ આ મુદ્દે રજૂઆત કરી હતી પરંતુ સ્ત્રીના મૂળભૂત અધિકારને આંચ આવતી અને એને પુરુષની માલિકીની ચીજ માનતી કલમ સુપ્રીમને રદ કરવા જેવી લાગી છે. એવો જ બીજો શકવર્તી ચુકાદો કેરળના શબરીમાળા મંદિરમાં દસ વર્ષથી પચાસ વર્ષ સુધીની મહિલાઓના પ્રવેશપર લગાવાયેલા નિષેધનો છેદ ઉડાડીને આપવામાં આવ્યો છે. સ્ત્રીને મંદિર પ્રવેશ કરતી અટકાવતી પરંપરા, એની રજસ્વલા સ્થિતિમાં મંદિર પ્રવેશનો નિષેધ - આ બધી બાબતોને સુપ્રીમ કોર્ટની સિનિયર બેન્ચે એકી ઝાટકે ઉડાડી દીધી છે. શબરીમાલાના અય્યપ્પાનાં દર્શન કરવાનો સ્ત્રીઓનો પણ એટલો જ અધિકાર છે જેટલો પુરુષોને. અત્યાર સુધીના પરંપરાગત નિષેધો નાબૂદ કરી સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે, જેની પ્રસંગા થવી જોઈએ. જોકે બેન્ચનાં મહિલા ન્યાય મૂર્તિને ધાર્મિક પરંપરામાં દખલ કરવાની સુપ્રીમના અન્ય જજોની મહિલાઓના મંદિર પ્રવેશને માન્યતા આપતી આ ચેષ્ટા યોગ્ય લાગી નથી !

શ્રાદ્ધમાં દૂધ જ કેમ?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

દિવસના બે વાગ્યા... જેમ બધા જ સેક્ટરમાં જે પરિસ્થિતિ હોય તેવી જ પરિસ્થિતિ.. એકદમ શાંત... કોઈ અવર-જવર નહીં, ઓફિસો ચાલુ, સ્કૂલો ચાલુ, કુતરાઓ ભસતાં હતા... આપણે બે નવરા પણ સમાજ માટે કંઈક પોઝીટીવ વિચારતા બે પાત્રો.. પાછાં ગોઠવાઈ ગયાં. બે પાત્રો એટલે શોભનાબેન અને કમુબેન. બહુ ઓછાં માણસો હોય એટલે ખાસ કરીને બહેનો કે જેઓ સમાજ માટે કંઈક પોઝીટીવ વિચારતા હોય. આમ તો, બે બહેનો મળે એટલે એ જ ચર્ચા કરે કે કોના ઘરમાં કોણ ગયું, કોણ બહાર નીકળ્યું. પેલાનો છોકરો શું કરે છે ? પેલાની છોકરી શું કરે છે ? પેલી આ ઉંમરે પણ બે છોકરાની મા થઈ.. પણ જોને એના કારસ્તાન. કહેતા શરમ આવે એવું કરે છે. એવું બોલે પણ બધું બોલવા માંડે....પેલો ભાઈ જોને બે છોકરાનો બાપ થયો... પણ પાડોશી સાથે પિક્ચર જોવા જાય છે, બગીચામાં ફરવા જાય છે, કંઈ છે લાજ શરમ... આવી જ વાતો હોય...

જ્યારે આપણા બે પાત્રો સમાજ માટે ચિંતા કરતા હોય. સમાજમાં કંઈક નવી ચેતના લાવવા માટે મસ્ત હોય... સાહેબ કોને સમય છે કે સમાજ માટે કંઈક પોઝીટીવ વિચારવું. કમુબેને શરુઆત કરી અરે શોભનાબેન મને સમજાતું નથી કે બારે મહિના સરખા. ભાદરવા મહિનામાં જ શ્રાદ્ધ કેમ હોય છે અને શ્રાદ્ધ આ મહિનામાં કરીએ તો જ આપણાં પૂર્વજોને શાંતિ મળે ? બીજા મહિનામાં પૂર્વજો ક્યાં જાય છે ? આપણે સાંભળીએ છીએ કે આજે મારા દાદાનું શ્રાદ્ધ છે, મારા પપ્પાનું શ્રાદ્ધ છે, મારા મમ્મીનું શ્રાદ્ધ છે. શ્રાદ્ધ ફક્ત ભારદવામાં જ કેમ ? નો જવાબ આપણા બે પાત્રો પાસે નહોતો. પણ શોભનાબેને કહ્યું કમુ એ તો કંઈ ખબર નથી કે આ મહિનામાં શ્રાદ્ધ કેમ ? પણ આપણા વડીલોએ જે કંઈ કર્યું છે એ કંઈ સમજી વિચારીને જ કર્યું હશે. એ ભણેલા નહોતા પણ ગણેલા હતા. ભાદરવા મહિનામાં ભેજવાળું વાતાવરણ હોય, ઘરે ઘરે માંદગીના વાવડ હોય, વાયરલ ઈન્ફેકશન ચારે બાજુ ફેલાયેલા હોય એ વખતે ઉપવાસનો મહિમા અને ભક્તિનો મહિમા વધારે હોય તો માનવજાત પોતાના શરીરને આ બધા રોગથી બચાવી શકે છે. કમુબેનથી રહેવાયું નહીં. શોભનાબેન એ કેવી રીતે ? જો કમુ ઉપવાસ કરવાથી તમારામાં નવી ચેતના ઉત્પન્ન થાય છે. શરીર પ્રત્યે તમારું ધ્યાન વધારે રહે છે. અને શરીરમાં ઓછી કેલરીવાળો ખોરાક જાય તેનાથી તમને સતત સારા કામો કરવા, તમારા પ્રશ્નનો જલદી ઉકેલ આવે એ માટે તમે સતત વિચારતા થઈ જાવ. એ સિવાય રોગ માટે પણ તમે તૈયાર થઈ જાવ અને વધારે પ્રમાણમાં પ્રોટીનવાળા ખોરાક જાય એવી ભાવના હોય છે. જોકે એ જુદી વસ્તુ છે કે ઉપવાસના બહાને લોકો તીખું અને તળેલું ફરાળના નામે શરીરમાં નાંખતા હોય છે, એ તો ખૂબ જ ખરાબ. દૂધ અને ફૂટ, ફૂટ અને ફળો ઉપર જ રહીને પોતાના શરીર પર, પોતાના શરીરનું ધ્યાન રાખવું જોઈએ એવું અત્યારે લોકો કરતાં નથી પણ આપણા વડીલોએ આ મહિનામાં ઉપવાસ કરી દૂધ અને ફૂટ પર રહી રોગપ્રતિકારક શક્તિ વધારી પોતાના શરીરનું ભલું કરવાનું હોય છે. ચટાકેદાર ખાવાનું ખાવાથી શરીરને નુકસાન થાય છે એ તો બધા જાણે છે છતાં પણ લોકો આવું જ ખાતાં હોય છે. બટાકાની વસ્તુ, રાજગરાની વસ્તુઓ બહુ ખરાબ હોય છે. શરીરને નુકસાન પહોચાડે છે છતાં પણ ઉપવાસના બહાના હેઠળ લોકો પેટમાં નાંખતાં જાય છે અને એ શરીરની રોગપ્રતિકારક શક્તિ ઘટાડનારા હોય છે. એટલે ઉપવાસ એ દૂધ અને ફૂટ સાથે જ થાય. શક્ય હોય તો તીખી અને તળેલી વસ્તુ છોડો. કમુબેને કહ્યું અરે શોભના આપણે જે વાત હતી કે શ્રાદ્ધમાં લોકો દૂધ કેમ વાપરે છે ? શ્રાદ્ધમાં લોકો દૂધની વસ્તુઓની બનાવટોનો ઉપયોગ કરતાં હોય છે. કોઈના પણ ઘરે શ્રાદ્ધ હોય ત્યારે દૂધની ખીર હોય જ... કેમ લાડુ નહીં, કેમ બીજી કોઈ મીઠાઈ નહીં ? દૂધ જ કેમ... શોભનાબહેને પોતાની સમજ પ્રમાણે જવાબ આપવા પ્રયત્ન કર્યો. જો કમુ મને બહુ ખબર નથી પણ હું એવું માનું છે કે દૂધની અંદર પ્રોટીન વધારે હોય ને પ્રોટીન શરીરને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. કમુબેને કહ્યું મે માની લીધું કે દૂધમાં શક્તિ બહુ જ પ્રમાણ હોય છે એટલે કે પ્રોટીન બહુ હોય છે. પણ દૂધની સાથે ચોખા નાંખતા હોય છે. એટલે દૂધ અને ચોખા બે ભેગા કરી ગરમ કરી તેને ઉકાળી એમાં ખાંડ નાંખે છે જેને આપણે બધા ખીર કહીએ છીએ. એટલે શ્રાદ્ધમાં લોકો ખીર, ભાખરી કે રોટલી ને હવેના જમાનામાં લોકો પૂરી સાથે ખીર ખાતા હોય છે. ખરેખર તો ખીર સાથે ભાખરી ખાવી જોઈએ કાં તો રોટલી ખાવી જોઈએ. પણ સમય બદલાયો છે. લોકોને તળેલું વધારે ગમે છે. તો દૂધની વાત તો ખબર પડી પણ આ ભાખરી – રોટલીની વાત પણ ખબર પડી. પણ ખીરમાં ચોખા કેમ નાંખે છે ? શોભનાબેને કહ્યું એનું કારણ ચોખા પચવામાં સહેલા હોય છે અને આ ચોમાસાની ઋતુમાં પાચનશક્તિ મંદ પડી જતી હોય છે અને પચાવવામાં શરીરને કસ્ટ પડતો હોય છે અને ભેજવાળા વાતાવરણમાં પાચનશક્તિ મંદ પડતી હોય છે એ પરિસ્થિતિમાં શરીરમાં ખોરાક જલદી પચી જાય એ માટે એવા ખોરાક ખાવા જોઈએ કે જેનાથી પાચનશક્તિ મંદ હોય તો પણ શરીર તેને પચાવી શકે. એટલે દૂધ અને ચોખા એક સરસ મિશ્રણ છે કે જેનાથી રોગપ્રતિકાર શક્તિ વધે અને શરીરમાં કોઈપણ જાતનો રોગ ન થાય. પહેલાના જમાનામાં ખબર નહીં કે ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈ ફ્લુ જેવા રોગ થતાં હશે કે નહીં ? થતાં પણ હશે પણ એના પર કોઈ રોગનું નામ નહીં પડતું હોય. જેમ કે, આને ડેન્ગ્યુ થયો છે, આને

અનુસંધાન પાના નં ૭ પર

કાલિમ્પોંગ શહેરના સંવેદનશીલ અવિસ્મરણીય પાત્રો

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારનું ખુબસુરત શહેર કાલિમ્પોંગ આમ જોઈએ તો સ્વપ્નનગરી જેવું શહેર છે. ત્યાંનું અને અહીંનું જનજીવન એક નદીના બે કિનારા જેવું છે. આ ઊંચા ઊંચા પહાડોમાં વસતા લોકોના હૃદય એકદમ કોમળ, સ્વચ્છ અને સંવેદનશીલ છે. મારા ૧૨ દિવસના આ પહાડી શહેરના વસવાટમાં પહાડો, પથ્થરો, વૃક્ષો, વાદળો, પંખીઓ, પર્ણો, હવા, વરસાદ, ધુમ્મસ અને અંધકારની સાથે સાથે કેટલાક પાત્રોએ પણ પોતાની ઊંડી છાપ મૂકી છે. જેને જીવનમાં ક્યારેય વિસરી શકાય એમ નથી. તો આવો એવા થોડા પાત્રોને ઓળખીએ

ડૉ. શોભા લિમ્બૂ – યલ્મો.

પહાડની ટોચ ઉપર આવેલી કાલિમ્પોંગ કૉલેજમાં હિંદીના વરિષ્ઠ અધ્યાપિકા તરીકે ફરજ બજાવતા આ ડૉ. શોભા લિમ્બૂ એટલે સકારાત્મક ઊર્જાથી ભરેલી એક નારી શક્તિ - એક અધ્યાપિકામાં આટલો ઉત્સાહ, શિક્ષણ, સાહિત્ય અને રાષ્ટ્રભાષા હિંદી પ્રત્યે આટલો સમર્પિત ભાવ મેં ક્યારેય કોઈનામાં જોયો નથી. મૂળે નેપાળી હોવા છતાંય, માતૃભાષા ''લિમ્બૂ'' હોવા છતાંય કાલિમ્પોંગ અને પશ્ચિમ બંગાળમાં હિંદીના વિકાસ માટે સતત ઝઝૂમીને પ્રવૃતિઓ કરીને પોતાની એક વિશિષ્ઠ ઓળખ બનાવનાર ડૉ. શોભાજી આ પહાડી પ્રદેશમાં હિંદીના વિકાસ માટે પોતાની યોજના છેક માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સુધી પહોંચાડવા ઇચ્છે છે. પોતાની માતૃભાષા ''લિમ્બૂ'' કે જેના ભાષકો હવે માંડ હજાર – પંદર સો બચ્યા છે એવી લિમ્બૂ ભાષાને પણ બચાવવા માટે પણ સખત પરિશ્રમ કરે છે. એમનું સાહિત્યિક, સંશોધનાત્મક અને રાષ્ટ્રીય ભાવનાથી છલોછલ ભરેલું વ્યક્તિત્વ તો છે જ પણ તેઓ હંમેશાં બીજા અધ્યાપકોને, સહ કાર્યકર્તાઓને. વિદ્યાર્થીઓને, નવા સર્જકોને એમની સૌની શક્તિને ઓળખીને સૌને મંચ આપીને પ્રોત્સાહિત કરે છે. અને પોતાની એકદમ પડદા પાછળ રહીને કામ કરવાની ભાવના તેઓને હંમેશાં અન્યથી ઊંચા સ્થાને બેસાડે છે. સતત હસતો ચહેરો, આંખોમાં ભાવનું ઊંડાણ, સ્ફૂર્તિથી ભરેલું વ્યક્તિત્વ અને વર્તન, સૌ સાથેનો વ્યવહાર એકદમ નિર્મળ, નિર્દોષ અને નિશ્ચછલ. એમની અંદર જીવતું એક બાળક સામેની વ્યક્તિના મનને પણ સ્વચ્છ રાખે છે. શિબિરના છેલ્લા દિવસે તેમના ઘેર કરેલું ભોજન યાદગાર બની રહેશે.

પ્રો. મન્ટુકુમાર રાવ

કાલિમ્પોંગ કોલેજમાં હિંદીના અધ્યાપક તરીકે ફરજ બજાવતા આ મન્ટુ કુમાર એક સાવ અલગ જ વ્યક્તિત્વ ધરાવે છે. મૂળે બિહારીબાબુ હોવા છતાંય નોકરીને કારણે છેલ્લા ચારેક વર્ષથી કાલિમ્પોંગ શહેરમાં સ્થિર થયા છે. વાને શ્યામ હોવા છતાંય શાને એકદમ સ્વચ્છ, ધવલ મોગરા જેવા. પીએચ.ડીનો અભ્યાસ પૂર્ણ કરીને હવે ડૉક્ટરેટ થવા જઈ રહેલા આ મન્ટુ કુમાર પોતાના હિંદી વિષયને સંપૂર્ણ સમર્પિત છે. કૉલેજમાં ડૉ. શોભાજીના માર્ગદર્શનમાં આ આખા પર્વતીય ઢોળાવોમાં એકદમ સમર્પિતભાવથી હિંદીના પ્રચાર, પ્રસાર અને વિકાસ માટે સતત પ્રવૃતિશીલ રહેનાર, આ યુવાન અધ્યાપકીય વક્તવ્યથી નહીં પણ પોતાની નિષ્ઠા અને કાર્યથી સૌના હૃદય જીતી શક્યા છે. આ ચાર જ વર્ષમાં આ પહાડી શહેરને, લોકોને, પ્રકૃત્તિને, અને સહુ કોઈને પોતાના બનાવીને સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. એમને કોઈપણ કામ સોંપવામાં આવે ત્યારે વ્યક્તિગત પરિસ્થિતિ, પ્રશ્નોને એક બાજુએ રાખીને સોપાયેલું કામ પ્રતિબદ્ધતાપૂર્વક કંઈ રીતે પૂર્ણ કરવું એ આપણે આ યુવાન અધ્યાપક પાસેથી શીખવું જોઈએ. ક્યારેય કોઈ આળસ નહીં. સતત ઉત્સાહ અને ઊર્જાથી ભરેલા આ અધ્યાપક બાહ્ય દેખાવે ભલે કદાચ કોઈને આકર્ષક ના લાગે પણ એમના આંતરિક વ્યક્તિત્વની ઉજ્જવળતા ભલભલા વિદ્વાનોને પણ એમના પ્રત્યે આકર્ષિત કરે એવી છે. સતત કંઈક નવું શીખવાની, હિંદી ભાષા અને સાહિત્યને આ આખા પર્વતીય પ્રદેશમાં ઘેર ઘેર ગૂંજતું કરવાનું મોટું સ્વપ્ન એમની આંખોમાં સ્પષ્ટ વાંચી શકાય. સારા સંચાલકના તમામ ગુણ, અનેક સારા કવિઓની રચનાઓ, શેર શાયરી, ગઝલો લખીને એક ડાયરીમાં રાખવાની ટેવ અને પ્રસંગ પરિસ્થિતિ મુજબ એને રજુ કરવાની સમજ આ અધ્યાપકમાં કાબિલેદાદ છે.

ગંગા ક્ષેત્રિય :

કેટલીક વ્યક્તિ આપણને જીવનમાં એવી મળતી હોય છે કે એમને આપણે જીવનભર ભૂલી શકતા હોતા નથી. કોઈ માની ના શકે પણ આ ગંગાજીનો પરિચય મને કાલિમ્પોંગના જ ફેસબૂક ફ્રેન્ડ રાધાપ્રધાન દ્વારા થયો. અને એ પણ હું કાલિમ્પોંગ જવાનો હતો એના બે મહિના પહેલા. મોબાઈલમાં પાંચ સાતવાર વાતચીત થયેલી પણ જ્યારે કાલિમ્પોંગમાં ૧૨ દિવસ રહેવાનું બન્યું ત્યારે પહેલી વખત મળ્યા ત્યારે વિશેષ પરિચય થયેલો. રાધાપ્રધાન અને આ ગંગાજી બન્ને મળવા હૉટેલ પર આવ્યા. એકાદ કલાક વાતો કરી, ફોટા પડાવ્યા. પછી ગયેલા. પરંતુ પછીના દિવસોમાં મને કેટલોબધો નાસ્તો આપી જવો, મને એક દિવસ નેપાળ ફરવા લઈ જવો, સ્થાનિક પહાડી જગ્યાઓમાં સાથે આવવું અને એક દિવસ એમના ઘેર જમવા માટે નિમંત્રિત કરીને જમાડવો.

આ બધુ મારી માટે ના વિસરી શકાય એવું અને એમને માટે પહાડી જનજીવનના સંસ્કાર હતા.

ગંગાજીની આતિથ્ય ભાવનામાં રહેલ પારદર્શીપણું, સદભાવ અને સન્માન કંઈક વિશેષ હતું. તેઓને મને કહેલું પણ ખરું કે હજી થોડા દિવસો રોકાઈ જાઓ તો આજુબાજુમાં ઘણું ફરવાનું છે. નેપાળ, સિક્કિમ, તિબેટ વગેરે. અને આ બધુ એકદમ નિશ્વાર્થભાવે કહેલું. જે મારી માટે વંદનીય હતું. ખૂબ જ ધાર્મિક વૃતિ અને પ્રવૃતિમાં માનતા આ ગંગાજી કોઈનો પણ ફોન આવે તો પહેલો શબ્દ '' સાંઈરામ'' બોલે. શ્રી સાંઈરામમાં અતૂટ શ્રદ્ધા અને કાલિમ્પોંગમાં તેમનું બહેનોનું આખું મંડળ પણ સક્રિય. એમના ઘરની અને મનની સ્વચ્છતા અને શુદ્ધતાએ મને પ્રભાવિત કર્યો છે.

રાધાપ્રધાન :

આ રાધાજીનો સંપર્ક મને ફેસબૂક પર થયેલો. અને તેમણે જ પરિચય કરાવેલો ગંગાજીનો. હું જે દિવસે કાલિમ્પોંગ પહોંચેલો તે જ દિવસે મને બન્ને મળવા આવેલા. એક સાવ અજાણી વ્યક્તિને આવી રીતે મળવા આવવું અને કોઈપણ પ્રકારની મદદ માટે તત્પર રહેવું એ અહીના જનજીવનના સંસ્કાર હતા. હંમેશાં બીજાનું ભલું કરવું. કોઈને મદદ કરવી, કોઈના મનની વ્યથાને સમજવી એ એમનો ગુણ મને ગમેલો. પોતે સામાન્ય જીવન જીવતા હોવા છતાંય એમણે પોતાની પુત્રીને ''જાપાન'' અભ્યાસાર્થે મોકલી છે. જે ત્યા પીએચ.ડી કરી રહી છે. ઈશ્વર, ભક્તિ, શ્રદ્ધાથી પૂર્ણ રીતે રંગાયેલા આ રાધા પ્રધાન પણ ''સાંઈરામ'' મંડળના સક્રીય રીતે જોડાઈને શહેરમાં અને સમાજમાં શ્રદ્ધાના નાના નાના દીપક જલાવી રહ્યા છે. એકદમ ખડતલ વ્યક્તિત્વ ધરાવતા આ બહેન જોંતાર્વેત જ પહાડી અને નેપાળી લાગે. ફ્રિજમાંથી કાઢેલા સફરજન જેવો ચહેરો જોઈને કોઈને પણ લાગે નહીં કે તેઓ ૫૫ વર્ષ વટાવી ચૂક્યા હશે. નેપાળી સમાજની બધી જ પરંપરાઓમાં માનતા આ રાધાજીની આતિથ્યભાવના પણ અદભુત હતી.

પ્રો. વિનય પટેલ :

મૂળે ગુજરાતી પણ વર્ષોથી સિલિગુડીમાં સ્થિત આ યુવા અધ્યાપકે મને તેમના જ્ઞાન, અભ્યાસ અને વક્તવ્યથી પ્રભાવિત કરેલો. મને ખુશી અને ગૌરવ એ વાતનું થયેલું કે એક ગુજરાતી યુવાન પરપ્રાંતમાં રહીને પોતાની વિદ્વત્તાથી રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપમાં વિશેષજ્ઞ તરીકે પસંદગી

અનુસંધાન પાના નં ૭ પર

શાંતતા, કોર્ટ ચાલુ આહે!

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

અક્ષયકુમારની જોલી એલ.એલ.બી. નો એક ડાયલોગ છે કે 'મૈ તુજે કોર્ટ મેં દેખ લુંગા'...પણ કોર્ટમાં દેખવા દેખવામાં બંને પક્ષો ઘરડા થઈ જાય કે બીજી ત્રીજી પેઢીઓ સુધી કેસ લંબાઈ જાય એટલા કેસનો ભરાવો દેશની કોર્ટોમાં છે. નો ડાઉટ લોકોને હજુ ન્યાયતંત્ર પર પુરતો વિશ્વાસ છે અને કોર્ટ પણ લોકોના વિશ્વાસને સાર્થક ઠેરવતું હોય એવા ચુકાદાઓ આપીને પોતાની છાપ સુધારતી જાય છે એ લોકતંત્ર માટે સારી વાત છે. ન્યાયતંત્રમાં કામ કરતા લોકો જ જાણી શકે કે ઝડપી અને સચોટ ન્યાય મેળવવો જ નહિ પણ આપવો પણ કેટલો મુશ્કેલ છે. અને એનું એક કારણ છે સદીઓ જુના કાયદાઓ..!!! અને આનંદની વાત એ છે કે આવા કાયદાઓ કે જે લોકોના જીવન પર અસર કરતા હતા એટલું જ નહિ પણ એનાથી મૂળભૂત અધિકારો કે કાયદાકીય અને સમાજજીવનમાં ગૂંચવાડા ઉભા કરતા હતા એવા ચુકાદાઓ આપીને નામદાર કોર્ટે લોકોના વિશ્વાસને વધુ મજબુત કરવાનું કામ કર્યું છે..!

નામદાર સુપ્રીમ કોર્ટે એક પછી એક એવા ચુકાદાઓ આપવાના ચાલુ કર્યા છે કે નો ડાઉટ વિવાદ પણ થયો અને હજુ થશે પણ કહેવાય છે ને કે દરેક સારા કામ સામે સો વિઘ્ન આવે એમ આમાં પણ આવવાના પણ મજાની વાત એ છે કે સદીઓ જુના કાયદાઓ કે જે ભારતીય સમાજજીવનને અસર કરતા હતા અને એટલું જ નહિ પણ જેમાં સુધારો કરવાથી આધુનિક ભારત અને આધુનિક ભારતના રહેવાસીઓને બંધારણ મુજબ સરખા હક્કો આપવાની પહેલ થઈ શકે એમ છે એમાં બદલાવ આવકાર્ય છે એમાં બેમત નથી. જેમકે સમલૈંગિકતાનો ચુકાદો. કલમ ૩૭૭ રદ કરવી એ નામદાર કોર્ટનો ઐતિહાસિક ચુકાદો ગણી શકાય. ઐતિહાસિક એટલા માટે કે જાતીય સ્વતંત્રતા આજના યુગની માંગ છ